ખ્રીસ્તી ધર્મની

ધપાન ત્યાગવાની પ્રશ્નોત્તરાવળી.

મરાઠીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરનાર,
જે. આર. સોલંકી,

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મીસ એ. એ. એબટ.
૪૭, મઝગામ રોડ, મુંબઈ.

ઈ. સ. ૧૯૧૪.

પ્રત ૨૦૦૦. આવૃત્તિ પેહેલી.

કિંમત ૦-૦-૩

ધર્મ વિજય પ્રેસ. નંબર ૫૭૨ પાયધોની મુંબઈમાં
હરજીવન ભગવાને છાપી.

ખ્રીસ્તી ધર્મની

મદ્યપાન ત્યાગવાની પ્રશ્નોત્તરાવળી.

—→✻✦✦✻←—

મદ્યપાન ત્યાગવાનો નિયમ.

૧ પ્ર૦—મદ્યપાન ત્યાગવું એટલે શું ?

ઉ૦—પોતાની વાસનાને પોતાને કબજે યોગ્ય રીતે રાખવી.

૨ પ્ર૦—એ માટે કઇ કઇ વાતો કરવી જોઇએ ?

ઉ૦—સારી વસ્તુનો ઉપયોગ સંભાળથી કરવો, અને ઝેરી પદાર્થ બીલકુલ છોડી દેવા.

૩ પ્ર૦—આપણને ગમે તે આપણે ખાઇએ પીઇએ નહિ શુ ?

ઉ૦—આપણે દેવના છીએ અને આપણા આત્મા તેમજ શરીરથી તેને મહિમા આપવો જોઇએ. ૧ કરિંથી. ૬ : ૨૦.

૪ પ્ર૦—આદમ તથા હવાને પહેલો નિયમ કયો આપવામાં આવ્યો હતો ?

ઉ૦—નિષેધ કરેલી વસ્તુથી તેમણે પોતાની વાસના તૃપ્ત ન કરવી.

૫ પ્ર૦—શું તેમણે આ નિયમ પાળ્યો?

ઉ૦—તેમણે આ નિયમ પાળ્યો નહિ, માટે તેમને એદન બાગમાથી કહાડી મુકર્યા.

૬ પ્ર૦—આ ઉપરથી માણસે કેવો બોધ લેવો?

ઉ૦—વાસનાથી માણસમાં મોટા મોહ ઉત્પન્ન થાય છે.

૭ પ્ર૦—માણસો પોતાની વાસના તૃપ્ત કરતા ગયાં શું?

ઉ૦—લોકોએ દારૂ પીવાનું પાપ સાધારણપણે હમેશાં કર્યું છે.

૮ પ્ર૦—શું હાલના વખતમાં દારૂ પીવાથી આપણું કઇ નુકસાન થાય છે?

ઉ૦—બીજા બધીજાતના પાપના કરતા આ પાપથી આપણું વધારે નુકસાન થાય છે.

૯ પ્ર૦—કેવી રીતે આપણું નુકસાન થાય છે?

ઉ૦—આપણા દેશમાં રોગ, દારિદ્ર, દુ:ખ અને ગુન્હા આ બધાનું ત્રીજા ભાગે આજ કારણ છે.

૧૦ પ્ર૦—કઇ ખરાબ વસ્તુના ઉપયોગથી માણસો આ ખરાબ વાત કરે છે?

ઉ૦—દારૂ, તમાકુ, અફીણ, વગેરે ઘણા ઝેરી પદાર્થોના ઉપયોગથી માણસો આ ખરાબ વાત કરે છે.

દારૂ એ ઝેર છે.

૧૧ પ્ર૦—આ દેશમા અતિશય મદ્યપાનનું કારણ શુ?

ઉ૦—મદ્યાર્ક (દારૂનો અર્ક) નો ઉપયોગ એ કારણ.

૧૨ પ્ર૦—મદ્યાર્ક એટલે શું?

ઉ૦—મદ્યાર્ક એ એક જાતનો પાતળો ઝેરી પદાર્થ છે.

૧૩ પ્ર૦—મદ્યાર્ક કેવી રીતે થાય છે?

ઉ૦—મીઠા પાતળા પદાર્થને સડાવીને તેમાંથી મદ્યાર્ક તૈયાર કરે છે.

૧૪ પ્ર૦—કયા મીઠા પાતળા પદાર્થનો આ કામમાં ઉપયોગ કરે છે?

ઉ૦—દ્રાક્ષ, મહુડાં, સફરજંન વગેરે ફળોના રસનો ઉપયોગ કરે છે.

૧૫ પ્ર૦—આમાથી કયા દારૂ તૈયાર થાય છે?

ઉ૦—દ્રાક્ષના રસમાંથી દ્રાક્ષરસ નામનો દારૂ, અને સફરજંનના રસમાંથી સાયડર નામનો દારૂ બને છે, અને મહુડાના રસમાંથી એક બીજા પ્રકારનો દારૂ બને છે.

૧૬ પ્ર૦—દ્રાક્ષ, મહુડા અને સફરજંન વગેરે ફળોમાં દારૂનો અર્ક હોય છે શુ?

ઉ૦—નથી હોતો.

૧૭ પ્ર૦—એ આપણને શી રીતે સમજાય?

ઉ૦—જો આપણે દ્રાક્ષ અને મહુડાં ખાઇએ તો આપણને તેથી નિશા ચઢતી નથી એ ઉપરથી આપણને સમજાય છે.

૧૮ પ્ર૦—ત્યારે એમા દારૂનો અર્ક કયાંથી આવે છે?

ઉ૦—ફળના રસમાંની સાકર સડાવીને પછી તેને ઉકાળવાથી તેનો દારૂ બને છે.

૧૯ પ્ર૦—કુદરતી પદાર્થોમાં આ પદાર્થ મળે છે શું?

ઉ૦—દેવે જે પદાર્થ ઉત્પન્ન કર્યા છે તેમાં આ પદાર્થ મળતો દેખાતો નથી.

૨૦ પ્ર૦—બીર (એ નામનો દારૂ) માં દારૂનો અર્ક કયાંથી આવે છે ?

ઉ૦—અનાજના ફણગા ઉગાડીને તેમાંથી સાકર બનાવીને પછી તેને ઘોઇને અને ઉકાળીને અથવા સડાવીને તેમાંથી દારૂનો અર્ક તૈયાર કરે છે.

૨૧ પ્ર૦—દ્રાક્ષરસ અને બીર એમા દારૂનો અર્ક કેટલા પ્રમાણમાં હોય છે ?

ઉ૦—સોમાં પાંચથી પંદર ભાગ સુધી હોય છે.

૨૨ પ્ર૦—આમાંથી કડક દારૂ કેવી રીતે તૈયાર કરે છે?

ઉ૦—બીર અને દ્રાક્ષરસને ઉકાળે છે જેથી કરીને તેમાંના દારૂના અર્કની વરાળ બને છે અને અર્ક ઘટ્ટ થાય છે.

૨૩ પ્ર૦—આ રીતને શું કહે છે ?

ઉ૦– તેને ગાળીને કહાડવાની રીત કહે છે.

૨૪ પ્ર૦—આ રીતે કયા દારૂ તૈયાર કરે છે ?

ઉ૦—બ્રાંડી, જીન, રમ, વ્હિસ્કી વગેરે દારૂઓ તૈયાર કરે છે.

૨૫ પ્ર૦—આ સર્વમાં દારૂનો અર્ક કેટલા પ્રમાણમા હોય છે?

ઉ૦—સોમાં પાંત્રીસથી સાઠ ભાગ સુધી હોય છે.

દારૂનું પરિણામ.

૨૬ પ્ર૦—આ બધી જાતના દારૂ શું નુકસાન કારક છે?

ઉ૦—જેટલા પ્રમાણુમાં તેમા દારૂનો અર્ક હોય છે તેટલા પ્રમાણુમાં તે નુકસાનકારક છે.

૨૭ પ્ર૦—આ દારૂના અર્કથી કેવી ઇજા થાય છે?

ઉ૦—તેથી પેટને ઇજા થાય છે, ભેજું બગડે છે, અને લોહીનું ફરવું બરાબર થતું નથી.

૨૮ પ્ર૦—તેથી રોગ થાય છે શું?

ઉ૦—દારૂના સેવનથી ચાળીસ કરતાં વધારે જાતના રોગ થાય છે.

૨૯ પ્ર૦—લોક જેમ બીજા ઝેરી પદાર્થથી આઘા રહે છે તેમ દારૂથી કેમ આઘા નથી રહેતા?

ઉ૦—જ્ઞાનતંતુ અને મગજની ક્રિયામાં બગાડ કરીને દારૂ લોકને ફસાવે છે, તેથી કરીને તે વડે કેટલી હાનિ થાય છે તે તેમને કહેતાં આવડતું નથી.

૩૦ પ્ર૦—આ વિષે શાસ્ત્રમાં કાંઇ કહ્યું છે શું?

ઉ૦—સુલેમાન કહે છે કે, "દ્રાક્ષરસ ઠઠ્ઠાખોર છે..... ને તેથી જે કોઇ ભૂલ કરે છે (એટલે ફસે છે) તે જ્ઞાની નથી." દ્રષ્ટાંત વચન ૨૦–૧

૩૧ પ્ર૦—દારૂનાં ઉઘાડાં દેખાતાં પરિણામ ક્યાં છે?

ઉ૦—દારૂ પીનારના પૈસા ઉડી જાય છે, તેનો વખત નકામો જાય છે, તેનું શરીર અપવિત્ર થાય છે, અને તેના આત્માનો નાશ થાય છે.

૩૨ પ્ર૦—દારૂની બહુ કિંમત પડે છે શું?

ઉ૦—આ દેશમાં તેને માટે દર વર્ષે આપણે લાખો રૂપીયા આપીએ છીએ.

૩૩ પ્ર૦—આ સિવાય બીજી કંઇ કિંમત તેને માટે આપવી પડે છે?

ઉ૦--દારૂ પીવામાં અને તેથી ચઢતી નિશામાં નકામો જતો વખત તે એક, અને તેના પરિણામે લાગતી આગ, વહાણ ડુબવા, ગાડીઓની અથડા-અથડી વગેરે થતાં નુકસાન, ગુન્હા, મરણ, મંદવાડ આ સર્વ બાબતોમાં લાગતો ખર્ચ, એ બીજી કિંમત પડે છે.

દારૂથી થતી અપવિત્રાઇ.

૩૪ પ્ર૦—દારૂથી શરીર કેવી રીતે અપવિત્ર થાય છે?

ઉ૦—દારૂપીવાની વાસના ભુડી થાય છે, અને તે દાંડ, નિર્લજ્જ પોતાનોજ સ્વાર્થ શોધનાર, વારંવાર ચિથરેહાલ અને ગંદો થાય છે.

૩૫ પ્ર૦—આ સર્વ ખરાબ છે શું?

ઉ૦--બીજાં માણસોને આ હાલત કંટાળાભરેલી દેખાય છે અને દેવની દૃષ્ટિમાં તે પાપી છે.

૩૬ પ્ર૦—આપણે શું કરીએ એવું દેવ ઇચ્છે છે?

ઉ૦—જીવતું, પવિત્ર અને દેવને ગમતું એવું આપણાં શરીરનું આપણે અર્પણ કરીએ. રૂમી. ૧૨ :૧.

૩૭ પ્ર૦--આપણાં શરીર વિષે દેવ શું કહે છે?

ઉ૦--પવિત્ર આત્માના રહેવા માટે આ શરીર દેવનાં મંદિરો છે. ૧ કરિંથી. ૩:૧૬.

૩૮ પ્ર૦—આવી રીતે જેઓ પાપ કરે છે તેમને માટે કેવી શિક્ષા ઠરાવેલી છે?

ઉ૦—જે કોઇ દેવના મંદિરનો નાશ કરશે તેનો નાશ દેવ કરશે. ૧ કરિંથી. ૩:૧૭.

દારૂ પીવો છોડવાથી થતી પવિત્રતા.

૩૯ પ્ર૦—ઇશુ ખ્રીસ્ત ઉપર જે પ્રીતિ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તેમને તેણે કયું વચન આપ્યું છે?

ઉ૦—તે કહે છે કે, "મારો બાપ તેના પર પ્રેમ કરશે, ને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું." યોહાન ૧૪:૨૩.

૪૦ પ્ર૦—આવા પરોણાનું માન રાખવા માટે આપણે શું કરવુ?

ઉ૦—આપણા આત્મા અને શરીર આપણે પવિત્ર રાખવાં.

૪૧ પ્ર૦—કોઇએ આમ કરેલાનો કોઇ દાખલો શાસ્ત્રમાં છે શું?

ઉ૦—એવા દાખલા પુશ્કળ છે.

૪૨ પ્ર૦—એક દાખલો આપો.

ઉ૦—શમુએલ એ નાઝરી હતો અને તેણે નિશાકારક દારૂ કદી પીધો નહિ. ૧ શમુ. ૧, ગણના ૬.

૪૩ પ્ર૦—દેવે તે પર કેવી પ્રીતિ કરી?

ઉ૦—તે નાનો હતો ત્યારથીજ દેવે તેને ભવિષ્યાવાદી કર્યો અને આખર સુધી તેની સાથે મિત્ર પ્રમાણે વાત કરીને તેણે તેને માર્ગ બતાવ્યો.

૪૪ પ્ર૦—નવા કરારમાંથી એકાદ દાખલો આપો?

ઉ૦—ઇશુ ખ્રીસ્તની પહેલાં આવેલો યોહાન એણે દ્રાક્ષરસ અને દારૂ પીધો નહિ.

૪૫ પ્ર૦—પાઉલના જીવનનો મુખ્ય નિયમ શો હતો?

ઉ૦—તેણે પોતાના શરીરને "દબાવ્યું અને વશ કર્યું." ૧ કરિંથી. ૯:૨૭.

૪૬ પ્ર૦—ઇશુ ખ્રીસ્ત વિષે આપણે શું કહેવું?

ઉ૦—"તે પવિત્ર, નિષ્પાપ, નિષ્કલંક" હતો, અને જો તેણે આવા ખરાબ ઝેરી પદાર્થ બીજાને આપ્યા હોત અથવા તેણે પોતેજ તેનું સેવન કર્યું હોત તો તે "પવિત્ર, નિષ્પાપ અને નિષ્કલંક" એમ ન કહેવાત.

૪૭ પ્ર૦—દ્રાક્ષરસ બનાવવા માટે અને તેનું સેવન કરવા માટે તેને કદી દોષ દેવામાં આવતો નથી શું?

ઉ૦—આવો દોષ તેને દેવામાં આવે છે ખરો, પરંતુ તે દોષ તેનાપર સાબીત થતો નથી.

શાસ્ત્રનો નિયમ.

૪૮ પ્ર૦—દારૂ પીવો નહિ એવું શાસ્ત્રમાં ઉઘાડું કહ્યું છે શું?

ઉ૦—એ ઉઘાડું કહ્યું છે, અને દારૂ પીવા વિષે તો ઘણે ઠેકાણે શાસ્ત્રમાં નિષેધ કર્યો છે.

૪૯ પ્ર૦—નિશાકારક દારૂ વિષે શાસ્ત્રમાં શો નિયમ છે?

ઉ૦—"જ્યારે દ્રાક્ષારસ રાતો હોય......અને જ્યારે તે સરળતાથી પેટમાં ઉતરે એવો હોય, ત્યારે તે પર દૃષ્ટિ ન કર." દૃષ્ટાંત વચન ૨૩:૩૧.

૫૦ પ્ર૦—આનો અર્થ જેમાં દારૂનો અર્ક હોય એવોજ દ્રાક્ષરસ એ શા ઉપરથી માનવું?

ઉ૦—કેમકે દ્રાક્ષરસ સરળતાથી પેટમાં ઉતરે છે તે પ્રકારના સરળતાથી ઉતરવા વિષે ત્યાં કહ્યું છે.

૫૧ પ્ર૦—હાલના આપણા પતિજ્ઞા લેખમાં મદ્યપાનનો જેટલો નિષેધ થાય છે તેટલો નિષેધ તે આજ્ઞા ઉપરથી થાય છે શું?

૫૨ પ્ર૦—આત્માપર મદ્યપાનનું શુ પરિણામ થાય છે?

ઉ૦—તે વડે આપણા દરેક સારા અને શુદ્ધ હેતુ બગડે છે અને સર્વ પ્રકારની ભુંડાઇ આપણામાં આવે છે.

૫૩ પ્ર૦—દારૂ પીનાર લોકનું પરિણામ આગળ જતાં કેવું આવે છે?

ઉ૦—ચોર, લોભી તથા છાકટા........એઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ. ૧ કરિંથી ૬:૧૦; ગલા. ૫.૨૧.

૫૪ પ્ર૦—મધપાન ત્યાગવા વિષે શાસ્ત્રનો મત શો છે?

ઉ૦—"આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસ, નમ્રતા, સ્વદમન, એ છે." ગલા. ૫:૨૨-૨૩.

મધપાન ત્યાગ કરવા વિષે અમારો ઉદ્યોગ.

૫૫ પ્ર૦—શાસ્ત્રનાં આવાં વાક્યો પરથી આપણે શું શીખીએ?

ઉ૦—મધપાન ત્યાગવું એ ખ્રીસ્તી ધર્મનો એક ભાગ છે.

૫૬ પ્ર૦—એ વિષે બીજો કયો પુરાવો છે?

ઉ૦—મધપાન નિષેધક મંડળીઓ ખ્રીસ્તી દેશોમાં પ્રબળતાથી ચાલે છે.

૫૭ પ્ર૦—મધપાન નિષેધનું કામ કોણે શરૂ કર્યું?

ઉ૦—ખ્રીસ્તી ધર્મોપદેશકોએ આગેવાન થઇને બીજા ખ્રીસ્તી લોકોની મદદથી આ કામની શરૂઆત કરી.

૫૮ પ્ર૦—મધપાન નિષેધ કરવા વિષેનો આપણે ચલાવેલો ઉદ્યોગ કેવી રીતે સફળ થશે?

ઉ૦—નિશાકારક દારૂના સેવનથી આત્મા અને શરીર એનો કેવો નાશ થાય છે એ આપણે શીખીએ, અને પછી બીજાંઓને તે શીખવીએ.

૫૯ પ્ર૦—નિશાકારક દારૂના સ્વભાવિક ગુણ અને પરિણામની માહિતી આપણે શા માટે મેળવવી?

ઉ૦—એટલા માટે કે આ મોહમાં પાડનાર પદાર્થથી આપણે મોહમાં ન પડીએ.

૬૦ પ્ર૦—આ કામ સફળ કરવા માટે આપણને કોની મદદની જરૂર છે?

ઉ૦—આ કામ જેમ કરવું જોઇએ તેમ પવિત્ર આત્માની મદદ સિવાય આપણને કરતાં આવડનાર નથી.